## –//ફોર્મ–એ//–

| મહેસાણાના બીજા અધિક સેસન્સ જજ અને સ્પે.જજ(પોક્સો) સાહેબશ્રીની અદાલત, મુ.મહેસાણા. | |
|---|---|
| | ફેસલ તારીખઃ૧૩/૦૪/૨૦૨૬<br>**સ્પે.પોક્સો કેસ નંબર.૦૪/૨૦૨૬**<br>એફ.આઇ.આર.નં.૧૧૨૦૬૦૭૪૨૫૦૬૦૪/૨૦૨૫<br>પોલીસ સ્ટેશનઃ વિજાપુર.<br>**આંક–૧૧૨** |
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ પક્ષ તરફે | વિ. સરકારી વકીલશ્રી પી. કે. દવે |
| આરોપી | (૧) ઠાકોર વિજય વિનોદભાઇ દેવજીભાઇ<br>ઉ.વ.૧૮, ધંધો.મજુરી,<br>(૨) ઠાકોર વિનોદજી દેવુજી વિહાજી<br>ઉ.વ.૪૫,<br>(૩) જયોત્સનાબેન વિનોદજી દેવુજી ઠાકોર,<br>ઉ.વ.૪૦,<br>ત્રણેય રહે.વિનાયકપુરા (હનુમાનીયા),<br>પ્રજાપતિવાસ, તા.કડી, જી.મહેસાણા. |
| આરોપીઓ તરફે | આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી ડી.એલ.રાણા.(લીગલ એડ) |

## –//ફોર્મ–બી//–

| | |
|---|---|
| બનાવની તારીખ | ૧૭/૧૦/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૮/૧૦/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૧૬/૦૧/૨૦૨૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ (આંક–૭) | ૦૫/૦૨/૨૦૨૬ |

| | |
|---|---|
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૨/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યા તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ |
| સજાનો હુકમ | – |
| સમય ગાળો. | વર્ષ– ૦૦ માસ–૦૨ દિવસ–૨૮ |

## –// આરોપી નં.૧ ની વિગત //–

| **ક્રમ.** | આરોપી નં.૧ ઠાકોર વિજય વિનોદભાઇ દેવજીભાઇ | |
|---|---|---|
| ૦૧ | આરોપીનું નામ/ સરનામુ | ઠાકોર વિજય વિનોદભાઇ દેવજીભાઇ<br>ઉ.વ.૧૮, ધંધો.મજુરી,<br>રહે.વિનાયકપુરા (હનુમાનીયા),<br>પ્રજાપતિવાસ, તા.કડી, જી.મહેસાણા. |
| ૦૨ | અટક કર્યા તારીખ | ૧૭/૧૧/૨૦૨૫ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | આરોપી જેલમાં છે. |
| ૦૪ | ગુનાની કલમ | બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪ (૨) (એમ), ૬૫(૧), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબ. |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | – |
| ૦૭ | ક્રિ.પ્રો.કો.ની ક.૪૨૮ | – |

## –// આરોપી નં.૨ ની વિગત //–

| **ક્રમ.** | આરોપી નં.૨ ઠાકોર વિનોદજી દેવુજી વિહાજી | |
|---|---|---|
| ૦૧ | આરોપીનું નામ/ સરનામુ | ઠાકોર વિનોદજી દેવુજી વિહાજી<br>ઉ.વ.૪૫, |

| | | |
|---|---|---|
| | | રહે.વિનાયકપુરા (હનુમાનીયા), પ્રજાપતિવાસ, તા.કડી, જી.મહેસાણા. |
| ૦૨ | અટક કર્યા તારીખ | ૨૩/૧૨/૨૦૨૫ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | આરોપી જેલમાં છે. |
| ૦૪ | ગુનાની કલમ | બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબ. |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | – |
| ૦૭ | ક્રિ.પ્રો.કો.ની ક.૪૨૮ | – |

## –// આરોપી નં.૩ ની વિગત //–

| **ક્રમ.** | આરોપી નં.૩ જયોત્સનાબેન વિનોદજી દેવુજી ઠાકોર | |
|---|---|---|
| ૦૧ | આરોપીનું નામ/ સરનામુ | જયોત્સનાબેન વિનોદજી દેવુજી ઠાકોર ઉ.વ.૪૦, રહે.વિનાયકપુરા (હનુમાનીયા), પ્રજાપતિવાસ, તા.કડી, જી.મહેસાણા. |
| ૦૨ | અટક કર્યા તારીખ | ૨૩/૧૨/૨૦૨૫ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | આરોપી જેલમાં છે. |
| ૦૪ | ગુનાની કલમ | બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબ. |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી |

| | | |
|---|---|---|
| | | છોડી મુકવામાં આવેલ છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | – |
| ૦૭ | ક્રિ.પ્રો.કો.ની ક.૪૨૮ | – |

**–//ફોર્મ–સી//–**

**એ. ફરીયાદ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | ૧૧ | ભોગબનનારની સોગંદ ઉપરની જુબાની | ભોગબનનાર |
| ૦૨ | ૧૫ | સરોજબેન વા/ઓ જશવંતસિંહ ઠાકોરની સોગંદ ઉપરની જુબાની | ફરીયાદી |
| ૦૩ | ૧૭ | જશવંતસિંહ કાળુજી ઠાકોરની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૪ | ૧૯ | ડો. અમિતકુમાર હિંમતલાલ પટેલની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૫ | ૨૪ | ડો. જાગૃત મહેન્દ્રભાઇ પટેલની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૬ | ૩૦ | ડો. ભૂમી જીવાણીની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૭ | ૩૭ | વૈધ ડીમ્પલબેન જગદીશભાઈની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૮ | ૪૩ | જીગર રણજીતસિંહ ચૌધરીની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૯ | ૫૬ | ચાવડા વનરાજસિંહ રઘુવીરસિંહની સોગંદ ઉપરની જુબાની | પી.આઇ. |
| ૧૦ | ૮૪ | ચૌધરી કમલેશકુમાર કાવજીભાઈની સોગંદ ઉપરની જુબાની | પી.આઈ. |

**બી. બચાવ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | | – | – |

**એ. ફરીયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબનું અસલ નિવેદન |
| ૨. | ૧૩ | ભોગબનનારના આધારકાર્ડની નકલ |
| ૩. | ૧૬ | અસલ ફરીયાદ |
| ૪. | ૧૮ | ભોગબનનારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર |
| ૫. | ૨૦ | આરોપીનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૬. | ૨૧ | આરોપીના અસલ કેસ પેપર્સ |
| ૭. | ૨૨ | આરોપીના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારૂ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |
| ૮. | ૨૩ | આરોપીની શારીરીક તપાસણી કરવા માટેની યાદી |
| ૯. | ૨૫ | ભોગબનનારનું અસલ મેડિકલ સર્ટીફીકેટ |
| ૧૦. | ૨૬ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ |
| ૧૧. | ૨૭ | ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારૂ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |
| ૧૨. | ૨૮ | ભોગબનનારને ગાયનેક તપાસણી સારૂ વડનગર સીવીલ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરેલ જે ટ્રાન્સફર ચીટ |
| ૧૩. | ૨૯ | ભોગબનનારની શારીરીક તપાસણી માટે વિજાપુર પોલીસ સ્ટેશનની યાદી |
| ૧૪. | ૩૧ | ભોગબનનારનું મેડિકલ સર્ટીફીકેટ |
| ૧૫. | ૩૨ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ |
| ૧૬. | ૩૩ | ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારૂ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ–૨/બી |

| | | |
|---|---|---|
| ૧૭. | ૩૪ | ભોગબનનારની ગાયનેક તપાસ સારૂ વડનગર સીવીલ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરેલ જે ટ્રાન્સફર ચીટ |
| ૧૮. | ૩૫ | પોલીસ ચાદી |
| ૧૯. | ૩૬ | ભોગબનનારની શારીરીક તપાસણીનું સર્ટીફીકેટ આપવા સારૂ કરેલ વિજાપુર પોલીસ સ્ટેશનની ચાદી |
| ૨૦. | ૩૮ | રણાસણ પ્રાથમિક શાળાનું રજીસ્ટર |
| ૨૧. | ૩૯ | શાળાના જનરલ રજીસ્ટરની નકલ |
| ૨૨. | ૪૦ | ભોગબનનારને શાળામાં પ્રવેશ આપવામાં આવેલ તે દસ્તાવેજ |
| ૨૩. | ૪૧ | ભોગબનનારને શાળામાં પ્રવેશ આપવામાં આવેલ તે દસ્તાવેજ |
| ૨૪. | ૪૨ | ભોગબનનારને શાળામાં પ્રવેશ આપવામાં આવેલ તે દસ્તાવેજ |
| ૨૫. | ૪૪ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૨૬. | ૪૫ | પંચસ્લીપ |
| ૨૭. | ૪૬ | પંચસ્લીપ |
| ૨૮. | ૪૭ | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૨૯. | ૪૮ | પંચસ્લીપ |
| ૩૦. | ૪૯ | પંચસ્લીપ |
| ૩૧. | ૫૦ | પંચસ્લીપ |
| ૩૨. | ૫૧ | પંચસ્લીપ |
| ૩૩. | ૫૨ | મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ |
| ૩૪. | ૫૩ | પંચસ્લીપ |
| ૩૫. | ૫૪ | ગુનાબનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૩૬. | ૫૫ | ગુનાબનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૩૭. | ૫૭ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૩૮. | ૫૮ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૩૯. | ૫૯ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૪૦. | ૬૦ | એફ.એસ.એલ. મહેસાણાનો સ્થળ પરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| ૪૧. | ૬૧ | એફ.એસ.એસ. અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર |
| ૪૨. | ૬૨ | એફ.એસ.એસ. અમદાવાદનો સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૪૩. | ૬૩ | મોબાઈલ કાર્ડ મેળવવા સારૂ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૪૪. | ૬૪ | ભોગબનનારના જન્મના પ્રમાણપત્રની ખરાઈ કરી આપેલ જન્મનું પ્રમાણપત્ર |
| ૪૫. | ૬૫ | રવાનગી પત્રક |
| ૪૬. | ૬૬ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ૪૭. | ૬૭ | એફ.એસ.એલ.ની પહોંચ |
| ૪૮. | ૬૮ | મોબાઈલની કોલ ડીટેઈલ |
| ૪૯. | ૬૯ | મોબાઈલની કોલ ડીટેઈલ |
| ૫૦. | ૭૦ | ના.પો.અધિ. વિસનગર નાઓને સેલ્યુલર કંપની પાસેથી ભારતીય સાક્ષ્ય પ્રમાણપત્ર મેળવી આપવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૫૧. | ૭૧ | સી.ડી.આર. ફોર્મ |
| ૫૨. | ૭૨ | એફ.ટી.પી. મેસેજ |
| ૫૩. | ૭૩ | આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૫૪. | ૭૪ | આરોપી જયોત્સનાબેનનું ગુનાહિત પત્રક |
| ૫૫. | ૭૫ | આચાર્યશ્રી વડુ પ્રાથમિક શાળાને ભોગબનનારની માહિતી પુરી પાડવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૫૬. | ૭૬ | આચાર્યશ્રી વડુ પ્રાથમિક શાળાને ભોગબનનાર માહિતી પુરી પાડતો દાખલો |
| ૫૭. | ૭૭ | એફ.આઈ.આર.માં કલમ વધારો કરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૫૮. | ૭૮ | ઈન્સ્ટાગ્રામ માહિતી માટે મેટાને લખેલ પત્ર |
| ૫૯. | ૮૦ | એફ.એસ.એલ.નો ફોરવર્ડીંગ લેટર |
| ૬૦. | ૮૧ | એફ.એસ.એલ. નો એકઝામીનેશન રીપોર્ટ |
| ૬૧. | ૮૨ | એફ.એસ.એલ.નુંબી.એસ.એ.ની ક.૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |
| ૬૨. | ૮૫ | સુચિપત્રક |

| | | |
|---|---|---|
| ૬૩. | ૮૬ | સ્ટેશન ડાયરીનો ઉતારો |
| ૬૪. | ૮૭ | પંચનામા દરમ્યાન ઈ–સાક્ષ્યપ્રમાણપત્ર |
| ૬૫. | ૮૮ | એફ.ટી.પી. મેસેજ |
| ૬૬. | ૮૯ | મોબાઈલ કાર્ડની માહિતી મેળવવા સારૂ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૬૭. | ૯૦ | ગુમ થનાર વ્યકિતની દુરદર્શનમાં બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૬૮. | ૯૧ | ગુમ થનાર વ્યકિતની બાબતમાં ભરવાનું પત્રક |
| ૬૯. | ૯૨ | સી.ડી.આર. ફોર્મ |
| ૭૦. | ૯૩ | સી.ડી.આર. ફોર્મ |
| ૭૧. | ૯૪ | મોબાઈલની કોલ ડીટેઈલ |
| ૭૨. | ૯૫ | વોટસઅપ માહિતી લો એનફોર્સમેન્ટ રીપોર્ટ |
| ૭૩. | ૯૬ | મોબાઈલના કાર્ડની માહિતી મેળવવા સારૂ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૭૪. | ૯૭ | મોબાઈલના કાર્ડની માહિતી મેળવવા સારૂ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૭૫. | ૯૮ | મોબાઈલના કાર્ડની માહિતી મેળવવા સારૂ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૭૬. | ૯૯ | વોટસએપ માહિતી મેળવવા માટે મેટાને લખેલ પત્ર |
| ૭૫. | ૧૦૦ | ઈન્સ્ટાગ્રામ લો ઈન્ફોર્સમેન્ટને માહિતી માટે કરેલ મેસેજ |
| ૭૬. | ૧૦૧ | ગુમ થનાર વ્યકિતની બાબતમાં ભરવાનું પત્રક |
| ૭૭. | ૧૦૨ | આઈ.ટી.આઈ. વિજાપુરને બે સરકારી પંચો ફાળવવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૭૮. | ૧૦૩ | જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ, વિજાપુરને એફ.આઈ.આર.માં કલમ વધારો કરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૭૯. | ૧૦૪ | આરોપીને અટક કર્યા અંગેના સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૮૦. | ૧૦૫ | ગુનનો સ્પે. રીપોર્ટ ડીઝીટલ સહિ વાળો |
| ૮૧. | ૧૦૬ | ગુનાનો વિઝીટેશન રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૮૨. | ૧૦૭ | જયુડી. મેજી. વિજાપુરને ભોગબનનારનું બી.એન.એસ. એસ.ની ક.૧૮૩ મુજબનું નિવેદન લેવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૮૩. | ૧૦૮ | જયુડી. મેજી. વિજાપુરને ભોગબનનારનું બી.એસ.એસ. એસ.ની ક.૧૮૩ મુજબનું નિવેદન લેવા સારૂ તારીખ અને સમય ફાળવવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૮૪. | ૧૦૯ | રવાનગી પત્રક |
| ૮૫. | ૧૧૦ | મેડિકલ ઓફિસર વડનગર નાઓને સારવાર સર્ટી. આપવા સારૂ કરેલ રીપોર્ટ |
| ૮૬. | ૧૧૧ | કલોઝીંગ પુરસીસ. |

**બી.** **<u>બચાવ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ</u>–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| | | – |

**વિષયઃ–** બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) ૬૫(૧), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબ.

---

**–/ <u>જજમેન્ટ</u> /–**

(૧) ફરીયાદપક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ સવારના નવેક વાગ્યાના અરસામાં ફરીયાદી તથા તેના પતિ રોજીંદા કામ માટે નોકરી અર્થે ગયેલા અને ભોગબનનાર ઘરે હાજર હતા અને સાંજના છએક વાગ્યાના અરસામાં નોકરી ઉપરથી પરત આવતા ભોગબનનાર ઘરે હાજર મળી આવેલા નહી. જેથી આજુબાજુમાં પુછતાં વાધેલા અમરસિંહ નાઓએ કહેલ કે તમારી દિકરી આશરે બે–એક વાગ્યાની આસપાસ એક થેલો લઇને કયાંય ગયેલ છે. જેથી ફરીયાદીએ વિજાપુર શહેર તેમજ આજુબાજુના ગામડામાં તેમજ સગા

સંબંધીઓને ત્યાં તપાસ કરતા તે મળી આવેલ નહી. જેથી ફરીયાદીએ પોતાની સગીર ભોગબનનાર દિકરી કે જેની જન્મ તા.૧૫/૦૧/૨૦૧૦ ની છે જે ગુમ થયા બાબતની વિગતવારની ફરીયાદ તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ વિજાપુર પોલીસ સ્ટેશનમાં ગુજારેલી.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે વિજાપુર પોલીસે વિજાપુર પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૬૦૭૪૨૫૦૬૦૪/૨૦૨૫ થી બી.એન.એસ. ની ક.૧૩૭(૨) મુજબનો ગુનો દાખલ કરેલ. ત્યારબાદ પોલીસની તપાસમાં ભોગબનનાર મળી આવેલ અને તપાસ દરમ્યાન જે વિગતે જાહેર થયેલ તેના આધારે પોલીસે બી.એન.એસ.ની ક.૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪ તથા પોકસો એકટની ક.૪(૨), ૫ (એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબનો કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલો. ત્યારબાદ પોલીસની તપાસમાં આરોપીઓ મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ અને નિયત સમયમર્યાદામાં આરોપીઓને કોર્ટમાં રજુ કરતા જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવેલા. ત્યારબાદ પોલીસની તપાસ પુરી થતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની ક.૧૯૩ મુજબ બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબના ગુનાના આક્ષેપો કરતુ ચાર્જશીટ તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ સ્પે. કોર્ટમાં રજુ કરેલ તેને સ્પે. પોકસો કેસ રજીસ્ટરે સ્પે. પોકસો કેસ નં.૪/૨૦૨૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) આ કામે આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તેઓને જેલમાંથી હાજર રખાવવામાં આવેલા. ત્યારબાદ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે અને આરોપીઓ મફત કાનુની સહાય અન્વયે વકીલ રોકવા માંગતા હોય તેઓને એલ.એ.ડી.સી. મારફતે વકીલશ્રી પુરા પાડવામાં આવેલા. ત્યારબાદ

આરોપીઓ સામે આંક–૦૭ થી બી.એન.એસ.ની ક. ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ), ૬૫(૧), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબના ગુનાનું તહોમતનામુ ફરમાવી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલો છે. જેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસની હકીકત સાબિત કરવા માટે ઉપર ટેબલમાં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

આ સિવાય ફરીયાદપક્ષ દ્વારા બીજો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદના કામે રજુ કરવામાં આવેલો નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં આરોપીઓ વિરૂધ્ધ જે વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે તેનો ખુલાસો કરવા માટે બી.એન.એસ.એસ.ની ક.૩૫૧ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલુ છે. જેમાં આરોપીઓએ પોતાના વિરૂધ્ધની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને પોતે નિર્દોષ છે અને ખોટો કેસ કરવામાં આવેલ છે તે રીતની વિગત રજુ કરેલ છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તર્ફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ભોગબનનાર ફરી ગયેલા જાહેર થયેલા છે. ભોગબનનાર ફરી ગયેલા જાહેર થયા બાદ જે પ્રશ્નો પુછવામાં આવેલા છે તેમા ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કેટલીક વિગતો ભોગબનનારે જણાવેલ છે. જેથી ઉલટતપાસની વિગતોને ધ્યાને લીધા સિવાય ભોગબનનારે આ જે વિગતો ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે

રીતની જણાવેલ છે તે ધ્યાને લેતા અને તે સિવાય ડોકટરશ્રીની જુબાનીની વિગત તથા ભોગબનનારની ઉંમર અંગેના દસ્તાવેજીની વિગતો અને પોલીસ સાહેદોની જુબાનીની વિગતોને ધ્યાને લેતાં હાલના આરોપી નં.૧ ભોગબનનારને લઇ ગયેલા છે અને ભોગબનનારની સાથે એક કરતા વધારે વખત શરીર સંબંધ બાંધેલ છે અને આરોપી નં.૨ તથા આરોપી નં.૩ નાઓએ મદદગારી કરેલ છે તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળતુ હોવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા દલીલ કરેલ છે.

(૭) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં આ બનાવના મુખ્ય અને મહત્વના સાહેદ ભોગબનનાર છે અને ભોગબનનારને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ભોગબનનારે પોતાની સરતપાસમાં તથા ઉલટતપાસમાં પરસ્પર વિરોધાભાષી વિગતો જણાવેલ છે અને તે મુદ્દા ઉપર વિ. સરકારી વકીલશ્રી દ્વારા કોઇ ખુલાસો કરવામાં આવેલો નથી કે ભોગબનનારની જુબાનીમાં કોઇ ખુલાસો રેકર્ડ ઉપર લાવવામાં આવેલો નથી. આવા સંજોગોમાં ભોગબનનારે જે વિગત જણાવેલ છે તે પરસ્પર વિરોધાભાષી છે અને ભોગબનનાર પોતે શું જણાવી રહેલ છે તેની ગંભીરતાની ભોગબનનારને કોઇ જાણ નથી તેવુ ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે. આ સંજોગોમાં ભોગબનનાર વિશ્વાસપાત્ર અને માનવાલાયક રહેતા નથી. આ સિવાય ભોગબનનારની માતાને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને તેઓએ ફરીયાદની વિગતને વ્યાજબી સમર્થન આપેલુ નથી તેમજ ભોગબનનારના પિતાની જુબાનીની વિગતને ધ્યાને લેતા તેઓએ હાલના આરોપીઓએ કોઇ ગુનો કરેલ હોય તે રીતની હકીકતને સીધુ કે સાંયોગિક સમર્થન આપેલુ નથી. આવા સંજોગોમાં ભોગબનનારની જુબાનીની વિગતને ધ્યાને લેતા ડોકટર સમક્ષની હિસ્ટ્રીની વિગત શંકાના વર્તુળમાં આવી જાય છે.

તે સંજોગોમાં ફરીયાદપક્ષના કેસમાં વ્યાજબી, ટકી શકે તેવી શંકા ઉપસ્થિત થતી હોવાથી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તે રીતની દલીલ કરી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલ છે.

(૮) આ કામે હાલના કેસના નિર્ણય માટે કેસનું તમામ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધું.

(૯) ઉપરોક્ત હકીકતે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ–**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે અને બનાવના અરસામાં આરોપી નં.૧ નાએ સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીની કસ્ટડીમાંથી, કાયદેસરના વાલીની પરવાનગી વગર પોતાની સાથે લઈ જઈ, ગેરકાયદેસર રીતે અપહરણ કરી રાખી, સગીર ભોગબનનારની સાથે એક કરતા વધારે વખત અલગ અલગ સમયે અલગ અલગ સ્થળે શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી અને તેમ કરવામાં આરોપી નં.૧ ને આરોપી નં.૨ નાએ સીધી, સક્રિય મદદગારી કરી, તમો આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧: નકારમાં

૨. મુદ્દા નં.૨: આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

–// <u>કા ર ણો</u> //–

**મુદ્દા નં.૧:-**

(૧૧) આ કામે ભોગબનનારને આંક-૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૧૨ થી બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબનું નિવેદન રજુ થયેલુ છે તથા આંક-૧૩ થી આધારકાર્ડની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે. વધુમાં સદરહુ ભોગબનનારને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ. સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પુછી શકાય તે રીતના પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં કેટલીક વિગતો ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતે ભોગબનનારે જણાવેલ છે. વધુમાં આ કામે આરોપીઓ તર્ફે વિ. વકીલશ્રી દ્વારા ભોગબનનારે જે વિગતો જણાવેલ છે તે સંદર્ભ વિગતની ઉલટતપાસ કરેલ છે. જેથી તે ઉલટતપાસની વિગત અક્ષર સહઃ અત્રે નોંધવી ખૂબજ જરૂરી છે અને તે એવી છે કે,

> **"(૧૧)જો મને એવુ પુછવામાં આવતુ હોય કે તમે અભ્યાસ કરતા હતા ત્યારે વારંવાર મોબાઈલ જોતા હતા તો હું જણાવુ છું કે, હું રાત્રેજ મોબાઈલ જોતી હતી. એ વાત ખરી છે કે, હું મોબાઈલ જોતી હતી જેથી મારો અભ્યાસ બગડતો હોવાથી મારા મમ્મી પપ્પાને પસંદ ન હતુ. એ વાત ખરી છે કે,હું મોબાઈલ જોતી હતી તે મારી મમ્મીને પસંદ ન હતુ તેથી તે મને વારંવાર થપકો આપતી હતી. એ વાત ખરી છે કે,મને મારી મમ્મી વારવાર થપકો આપતી હતી તેથી હું મારી માસીના ઘરે બનાવના અરશામાં જતી રહેલી. હું માસીના ઘરે રોકાયેલી. એ વાત ખરી છે કે,હું મારી માસીના ઘરે રોકાયેલી હતી ત્યારે મારા મમ્મીનો મારા માસી ઉપર ફોન આવેલો કે, હું ત્યા રોકાયેલી છુ કે કેમ. એ વાત ખરી છે કે, મારા મમ્મી મને સમજાવીને ઘરે લાવેલા. એ વાત ખરી છે કે,મારા માસીના ઘરેથી મને લાવ્યા બાદ હું, મારા મમ્મી અને મારા પપ્પા એ રીતના ત્રણેય જણા પોલીસ સ્ટેશન ગયેલા. એ વાત ખરી છે કે,પોલીસ સ્ટેશનમા ગયા ત્યારે પોલીસે બધી વિગત મારી મમ્મીને પુછેલી પરંતુ મને કઇ પુછેલું નહી. મારા મમ્મીએ જે વિગત પોલીસને કહેલી તે વિગત પોલીસે લખી લીધેલી. પોલીસ મને દવાખાને લઇ ગયેલી હતી. એ વાત ખરી છે કે, ડોકટર સાહેબ સમક્ષ મારા મમ્મીએ કરેલી મે ડોકટર સાહેબ જોડે વાત કરેલી નથી. એ વાત ખરી છે કે,ડોકટર સાહેબને મારા મમ્મીએ શું લખાવેલું તેની મને ખબર નથી.**
>
> **(૧૨) જજ સાહેબ કોને કહેવાય તેની મને ખબર નથી. એ**

**વાત ખરી છે કે, વિજાપુર કોર્ટમાં મને લઇ ગયા ત્યાં જજ સાહેબ કોને કહેવાય તેની મને ખબર ન હતી. એ વાત ખરી છે કે,મને વિજાપુરના જજ સાહેબ પાસે લઇ ગયેલા કે મહેસાણાના જજ સાહેબ પાસે લઇ ગયેલા તેની મને ખબર નથી. મને આંક-૧૩ વાળુ બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબનું નિવેદન બતાવવામાં આવે છે અને પુછવામાં આવતુ હોય કે આ નિવેદનમાં સહી તમોએ કોની હાજરીમાં કરેલી તેની તમોને ખબર નથી તો હું જણાવુ છુ કે મારી મમ્મીની હાજરીમાં કરેલી. એ વાત ખરી નથી કે, આંક-૧૩ વાળા નિવેદનની વિગતો મારા મમ્મીએ મને કહેલું કે હું કહુ તે મુજબ તારે વિગતો લખાવવાની છે તેથી તે મુજબ મે નિવેદનમાં વિગત લખાવેલી.**

**સવાલ- વિજયે તમારી સાથે શરીર સંબંધ બાંધેલો તેવો કોઈ બનાવ તમારી સાથે બનેલ નથી.**

**જવાબ- મારી સાથે વિજયે શરીર સંબંધ બાંધેલો છે.**

**આ વિજયે મારી સાથે શરીર સંબંધ બાંધેલો છે તેવું નિવેદનમાં લખેલ છે તેથી જણાવુ છુ. શરીર સંબંધ બાંધવો કોને કહેવાય તેની મને ખબર નથી. હું વિજયને ઓળખતી નથી અને વિજયને કોઇ દિવસ જોએલો નથી. મારે વિજયની સાથે કોઇ દિવસ મળવાનું થયેલું નથી. આ બનાવના સમયગાળા દરમ્યાન હું મારી માસીના ઘર સિવાય બીજી કોઇ જગ્યાએ ગયેલી નથી. ફોજદારી ગુન્હો બને તો શું થાય તેની મને ખબર નથી. ફોજદારી ગુન્હો કોને કહેવાય તેની મને ખબર નથી."**

આવા સંજોગોમાં સદરહું ભોગબનનારની સમગ્ર જુબાનીની વિગતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો ભોગબનનારની જન્મ તા.૧૫/૦૧/૨૦૧૦ ની હોવાનું ભોગબનનારે જણાવેલ છે અને તે સંદર્ભે આંક-૪૦, આંક-૪૧ અને આંક-૪૨ થી જે દસ્તાવેજો રજુ થયેલ છે તે શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવેલ દાખલો છે. જે આંક-૪૧ થી ભોગબનનારનું શાળામાં બેસવાનું પ્રમાણપત્ર, આંક-૪૨ થી બાળકને શાળામાં દાખલ કરવા માટેનું વાલી ફોર્મ રજુ થયેલ છે અને તે આધારે ભોગબનનારની જન્મ તા.૧૫/૦૧/૨૦૧૦ ની હોવાની વિગતને વ્યાજબી સમર્થન મળે છે અને જેથી ભોગબનનાર બનાવ સમયે સગીર વયના હતા તે રીતની વિગત સાબિત થયેલ છે તેમ માનું છું.

વધુમાં, ભોગબનનારની જુબાનીની વિગતનું ગંભીરતાથી

મુલ્યાંકન કરવામાં આવે તો ભોગબનનારે પોતાની સરતપાસમાં મહત્વની એવી હકીકત જણાવેલ છે કે, "**હું વિજય નામના છોકરાને ઓળખતી નથી. મારે વિજય નામના છોકરા સાથે કોઈ દિવસ વાતચીત થયેલી નથી તેમજ મારે તેની સાથે મળવાનું પણ થયેલું નથી. મારા મમ્મી પપ્પા બહાર ગયા હોય ત્યારે હુ વિજયના ઘરે ગયેલી હોય અને ત્યા વિજયે મારી સાથે શરીર સંબઘ બાંઘેલો હોય તેવું બનેલુ નથી. મે ડોકટર રૂબરૂ કોઈ વિગત લખાવેલી નથી. મે પોલીસમાં પણ કોઈ વિગતો લખાવેલી નથી. પોલીસ મને કોઈ જગ્યાએ લઈ ગયેલી હોય અને ત્યા મે વિજયની ઓળખ કરેલી હોય તેવું બનેલું નથી. હું વિજય નામની વ્યકિત કોર્ટમાં હાજર હોય તો પણ ઓળખી શકુ નહી.**"

આમ, ભોગબનનાર વિજય નામના છોકરાને ઓળખતી નથી. વિજય નામના છોકરાની સાથે કોઇ વાતચીત થયેલ નથી અને આ વિજય નામના છોકરાએ ભોગબનનારની સાથે કોઇ શરીર સંબંધ બાંધેલ નથી તે રીતની વિગત જણાવેલ છે. વધુમાં ઓળખના મુદ્દા ઉપર આ ભોગબનનારે એવુ સ્પષ્ટ જણાવેલ છે કે,

> **"(૭)મને સરકારી ટીવી સ્કીન પર ચાલુ કરી ત્રણ વ્યકિતઓ બતાવવામાં આવે છે તેઓ ને જોઈને કહુ છુ કે, હું આ લોકોને ઓળખતી નથી."**

આમ, **આ ભોગબનનારને આરોપી નં.૧, આરોપી નં.૨ અને આરોપી નં.૩ નાઓને બતાવતા ભોગબનનારે આ ત્રણેય આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા નથી. આમ, હાલના આરોપી નં.૧ કે આરોપી નં.૨ કે આરોપી નં.૩ નાઓ આ ગુનામાં સંડોવાયેલા હોય તે રીતની વિગતને ઓળખના મુદ્દા ઉપર ભોગબનનાર સીધી કે સાંયોગિક રીતે સમર્થન આપતા નથી**. વધુમાં, આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસમાં ભોગબનનારને તેની માતા સાથે મોબાઈલ જોવા સંદર્ભે ઝઘડો થયેલો અને ભોગબનનારને ઠપકો આપેલ જેથી ભોગબનનારને લાગી આવતા તે પોતાની માસીના ઘરે જતી રહેલ અને ભોગબનનારની માતા ભોગબનનારને સમજાવીને

પરત ઘરે લાવેલા અને ત્યારબાદ ભોગબનનારને પોલીસ સ્ટેશનમાં લઈ જવામાં આવેલા ત્યારે પોલીસે બધી વિગત ભોગબનનારની માતાને પુછીને લખેલ તેમજ ડોકટર સમક્ષ પણ વિગતો ભોગબનનારની માતાએ લખાવેલી તેવુ ભોગબનનારે જણાવેલ છે. આવા સંજોગોમાં ભોગબનનારની સરતપાસ તેમજ ઉલટતપાસની આ તમામ પરસ્પર વિરોધાભાષ વાળી વિગતો ધ્યાને લેતાં હાલના આરોપી ભોગબનનારને પોતાની સાથે લઈ ગયેલ હોય અને ભોગબનનારની સાથે એક કરતા વધારે વખત અલગ અલગ સમયે અલગ અલગ સ્થળે શરીર સંબંધ બાંધેલ હોય અને તેમ કરવામાં આરોપી નં.૨ તથા આરોપી નં.૩ નાઓએ મદદગારી કરેલ હોય તે રીતની વિગતને ભોગબનનારની જુબાનીના આધારે સીધુ કે સાંયોગિક સમર્થન મળતુ નથી તેમ સ્પષ્ટ માનુ છું.

વધુમાં આ ભોગબનનારે સરતપાસમાં બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબના નિવેદન ઉપર પોતાની સહિ હોવાની હકીકત જણાવેલ છે અને આ નિવેદનની વિગત ભોગબનનારે લખાવેલી હોવાનું કબુલ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં આરોપીઓના વિ.વ.શ્રી એવી હકીકત રેકર્ડ ઉપર લાવેલા છે કે,

> **"જજ સાહેબ કોને કહેવાય તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, વિજાપુર કોર્ટમાં મને લઈ ગયા ત્યાં જજ સાહેબ કોને કહેવાય તેની મને ખબર ન હતી. એ વાત ખરી છે કે,મને વિજાપુરના જજ સાહેબ પાસે લઈ ગયેલા કે મહેસાણાના જજ સાહેબ પાસે લઈ ગયેલા તેની મને ખબર નથી. મને આંક-૧૩ વાળુ બી.એન.એસ.એસ.ની ક. ૧૮૩ મુજબનું નિવેદન બતાવવામાં આવે છે અને પુછવામાં આવતુ હોય કે આ નિવેદનમાં સહી તમોએ કોની હાજરીમાં કરેલી તેની તમોને ખબર નથી તો હું જણાવુ છુ કે મારી મમ્મીની હાજરીમાં કરેલી."**

આમ, આ ભોગબનનારને જે વ્યકિત પાસે લઈ જવામાં આવેલા છે તે જજ સાહેબ છે કે કેમ? તેનુ પણ જ્ઞાન નથી કારણ કે ભોગબનનાર ૧૬ વર્ષ કરતા નાની ઉંમરના છે. વધુમાં આ ભોગબનનારે ઉલટતપાસમાં એવુ પણ કબુલ કરેલ છે કે,

**"ફોજદારી ગુનો કોને કહેવાય તેની મને ખબર નથી."**

આમ, ઉલટતપાસમાં ભોગબનનાર પોતાને ફોજદારી ગુનો કોને કહેવાય તેની ખબર નથી, જયારે સરતપાસની સોગંદ ઉપરની જુબાનીમાં ખોટી જુબાની આપવી ફોજદારી ગુનો બને છે તેની પોતાને જાણ હોવાનું સ્વીકારે છે. આમ, ભોગબનનાર સરતપાસમાં તેમજ ઉલટતપાસમાં પરસ્પસ વિરોધાભાષી વિગતો જણાવે છે અને જેથી ભોગબનનાર વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોવાનું જણાતા નથી.

વધુમાં સદરહું ભોગબનનારે પોતાની જુબાનીમાં સરતપાસમાં એવુ સ્પષ્ટ જણાવેલ છે કે,

**"મે પોલીસને કોઇ ગુના બનાવવાળી જગ્યા બતાવેલી નથી."**

આમ, સરતપાસમાં આ ભોગબનનારે પોલીસને કોઇ પણ જગ્યાએ લઇ જઇને ગુના બનાવવાળી જગ્યા બતાવેલી હોય તે રીતની વિગતને સીધુ કે સાંયોગિક સમર્થન આપતા નથી અને જેથી ભોગબનનારની આ વિગતને ધ્યાને લેવામાં આવે તો પણ ફરીયાદપક્ષના કેસમાં મહત્વના મુદ્દા ઉપર શંકા ઉપસ્થિત થાય છે તેવુ ધ્યાને લેવા પાત્ર છે. વધુમાં શરીર સંબંધ કોને કહેવાય તે મુદ્દા ઉપર ભોગબનનારે ઉલટતપાસમાં બીજી એવી વિગત જણાવેલ છે કે,

**"શરીર સંબંધ બાંધવો કોને કહેવાય તેની મને ખબર નથી. હું વિજયને ઓળખતી નથી અને વિજયને કોઇ દિવસ જોયેલ નથી. મારે વિજય સાથે કોઇ દિવસ મળવાનું થયેલ નથી. આ બનાવના સમયગાળા દરમ્યાન હું મારી માસીના ઘર સિવાય બીજી કોઇ જગ્યાએ ગયેલ નથી."**

આમ, આ ભોગબનનાર વારંવાર પોતાની જુબાની દરમ્યાન હાલના આરોપીને ઓળખતા નથી અને બનાવના સમય દરમ્યાન પોતાની માસીના ઘરે હતા તે રીતની વિગત જણાવે છે. જેથી ભોગબનનારની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરતા ભોગબનનારે પરસ્પર વિરોધાભાષી વિગતો એક કરતા વધારે જગ્યાએ જણાવેલ છે અને તેના કારણે ભોગબનનાર વિશ્વાસપાત્ર, માનવાલાયક

રહેતા નથી. જેથી ભોગબનનાર ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૨) આ કામે ફરીયાદી સરોજબેન વા/ઓ જશવંતસિંહ ઠાકોર નાઓને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૧૬ થી અસલ ફરીયાદ રજુ થયેલ છે. સદરહું ફરીયાદીની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો સદરહું ફરીયાદી ભોગબનનારની માતા છે અને તેઓએ પોતાની ભોગબનનાર દિકરી ગુમ થયા અંગેની પોલીસમાં ફરીયાદ આપેલ છે. વધુમાં આ ફરીયાદીએ એવી મહત્વની વિગત જણાવેલ છે કે,

> **"મે પોલીસમાં ફરીયાદ આપી ત્યારબાદ મારી ભોગબનનાર દિકરી પોલીસને પચ્ચીસ દિવસ પછી મળી આવેલી. મારી ભોગબનનાર દિકરી મળી આવ્યા બાદ મારે મારી ભોગબનનાર દિકરી સાથે કોઇ વાતચીત થયેલી નથી. મારી ભોગબનનાર દિકરીએ મને કશુ કહેલું નથી."**

આમ, આ મહત્વની બાબતને ધ્યાને લેતાં આ ફરીયાદીએ ભોગબનનાર ગુમ થયા અંગેની પોલીસમાં ફરીયાદ આપેલ છે પરંતુ **ભોગબનનાર મળી આવ્યા બાદ ભોગબનનારે આ ફરીયાદીને કોઈ જ વિગત જણાવેલ નથી. જેથી ભોગબનનારની સાથે શું થયેલ તે બાબતની કોઈ જ માહિતી આ ફરીયાદીને નથી તેવુ સંજોગોને આધિન માનવા માટે વ્યાજબી કારણ છે તેમ માનું છું**.

વધુમાં, ઓળખના મુદ્દા ઉપર હાલના ફરીયાદીએ આરોપીઓને અગાઉથી જોયેલા નથી પરંતુ જે તે સમયે કોર્ટમાં લાવવામાં આવેલા ત્યારે જોયેલા તે રીતની વિગત જણાવેલ છે. વધુમાં ભોગબનનારની શારીરીક તપાસણી કરાવવામાં આવી તે સમયે ફરીયાદી પોતાની દિકરીની સાથે હાજર હતા તે રીતની વિગત જણાવેલ છે. વધુમાં ઉલટતપાસમાં આરોપીના વિ.વ.શ્રી દ્વારા એવુ રેકર્ડ ઉપર લાવવામાં આવેલુ છે કે,

"એ વાત ખરી છે કે, અમે ઠપકો આપેલો તેથી બીજા દિવસે સવારે મારી ભોગબનનાર દિકરી અમને કહ્યા વગર ઘરેથી નીકળી ગયેલી. વિષ્ણુજી ગેલાજી ઠાકોર મારા બનેવી થાય છે. એ વાત ખરી નથી કે, અમે પોલીસ સ્ટેશન ગયા ત્યારે હુ પોલીસ સ્ટેશનની બહાર બેઠેલી હતી અને મારા પતિ અને વિષ્ણુજી બંને પોલીસ સ્ટેશનમાં પોલીસ સાથે વાત કરતાં હતા. એ વાત ખરી છે કે, ફરીયાદ આપવા માટે ગયા ત્યારે મારા પતિ અને વિષ્ણુજીએ પોલીસ સાથે વાતચીત કરેલી. એ વાત ખરી છે કે, મારા પતિ અને વિષ્ણુજીએ પોલીસ સાથે વાતચીત કરેલી અને ત્યારબાદ પોલીસે ફરીયાદ તૈયાર કરેલી અને તેમાં મને અંગુઠો કરવાનું કહેતાં મે અંગુઠો કરી આપેલો. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરીને દવાખાને લઇ ગયેલા ત્યારે મારે અને મારા પતિને ડોકટર સાથે વાતચીત થયેલી. એ વાત ખરી છે કે, મારે તથા મારા પતિને ડોકટર સાથે જે વાતચીત થયેલી તે ડોકટરે લખી લીધેલી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દિકરીને વિજાપુર જજ સાહેબ પાસે લઇ ગયા ત્યારે હું તથા મારા પતિ મારી ભોગબનનાર દિકરી સાથે હાજર હતા. એ વાત ખરી છે કે, વિજાપુર જજ સાહેબ પાસે મારી ભોગબનનાર દિકરીને લઇ ગયેલા તે સમયે હું તથા મારા પતિ બંનેઓ સાથે હાજર હતા અને જજ સાહેબ પાસે નિવેદનમાં શુ લખાવવું તે મે તથા મારા પતિએ મારી ભોગબનનાર દિકરીને જણાવેલું. એ વાત ખરી છે કે,મે પોલીસમાં ફરીયાદ આપેલી તે સમયે મે પોલીસને એવું કહેલું કે હુ ભણેલી નથી તેથી પોલીસે ફરીયાદમાં મારો અંગુઠો લીધેલો. જો મને એવું પુછવામાં આવતું હોય કે,ફરીયાદમાં તમારો અંગુઠો લેવામાં આવ્યો તે સમયે તમને અક્ષરો લખતાં આવડતું ન હતુ તો હું જણાવુ છુ કે,મને કેટલીક વખત આવડે છે અને હું ભુલી પણ જાઉ છુ."

આમ, આ વિગતને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ ફરીયાદની વિગત લખાવેલ નથી પરંતુ માત્ર તેમા અંગુઠો કરેલ છે તેમજ ડોકટર સમક્ષ જે કોઇ વાતચીત થયેલ તે ફરીયાદીના પતિએ ડોકટરને વાત કરેલ છે અને જજ સાહેબ સમક્ષ નિવેદન લખાવવા માટે ગયેલા ત્યારે ફરીયાદીએ તથા તેમના પતિએ ભોગબનનારને જજ સાહેબ પાસે શું લખાવવું તે રીતની વિગત સમજાવેલ અને તે મુજબ ભોગબનનારે નિવેદન જજ સાહેબ પાસે લખાવેલ છે. આવા સંજોગોમાં બી.એન.એસ. એસ. ની ક.૧૮૩ મુજબનું આંક-૧૨ વાળુ નિવેદન ફરીયાદી તથા તેના પતિએ જે મુજબ ભોગબનનારને લખાવવા માટે શીખવાડેલુ છે તે

મુજબ ભોગબનનારે લખાવેલુ છે તેવુ આ ફરીયાદીની જુબાનીના આધારે સાબિત થાય છે તેમ માનું છું.

વધુમાં, ભોગબનનારની સાથે હાલના આરોપી નં.૧ નાએ કોઇ ખરાબ કામ કરેલ હોય તે રીતની વિગત ભોગબનનારે આ ફરીયાદીને જણાવેલ નથી. તે સંજોગોમાં સદરહું ફરીયાદીની સમગ્ર જુબાનીની વિગતને ધ્યાને લેતાં સદરહું ફરીયાદી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઇ વિગત જણાવતા ન હોવાથી આ ફરીયાદી ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૩) આ કામે સાહેદ જશવંતસિંહ કાળુજી ઠાકોર નાઓને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો સાહેદ ભોગબનનારના પતિ થાય છે અને તેઓની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરતા આંક–૧૮ થી તેઓની જુબાનીમાં ભોગબનનારની શાળા છોડયાનું પ્રમાણપત્ર રજુ થયેલ છે. વધુમાં **સદરહું સાહેદની જુબાનીની વિગતો ધ્યાને લેતાં તેઓની ભોગબનનાર દિકરી ગુમ થયા બાદ લગભગ પચ્ચીસએક દિવસ પછી મળી આવેલ પરંતુ ભોગબનનારે આ સાહેદને કોઇ જ વિગત જણાવેલ નથી**. વધુમાં આ સાહેદના જણાવ્યા અનુસાર ભોગબનનારે કોઇ વિગત જણાવેલ હોય તો તેની માતા એટલે કે ફરીયાદીને જણાવેલ હોઇ શકે તે સિવાય હાલના આરોપી ભોગબનનારને લઇ ગયેલ હોય કે ભોગબનનારની સાથે ખરાબ કામ કરેલ હોય તે રીતની વિગતને સીધુ કે સાંયોગિક સમર્થન મળે તેવી કોઇ વિગત આ સાહેદ જણાવતા નથી. જેથી આ સાહેદ ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.

(૧૪) આ કામે ડો. અમિતકુમાર હિંમતલાલ પટેલ નાઓને આંક–૧૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૨૦ થી આરોપીનું મેડિકલ સર્ટીફીકેટ, આંક–૨૧ થી

કેસ પેપર્સ, આંક–૨૨ થી ફોર્મ–૨/બી રજુ થયેલ છે તથા આંક–૨૩ થી પોલીસે મેડિકલ ચેકઅપ કરવા માટે કરેલ યાદી રજુ થયેલ છે. સદરહું ડોકટરની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૧૮/૧૧/૨૦૨૫ ના રોજ વિજાપુર જનરલ હોસ્પિટલ ખાતે મેડિકલ ઓફિસર તરીકે પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન પોલીસની યાદી સાથે આરોપી વિજયજી વિનોદભાઈ ઠાકોર નાઓને શારીરીક તપાસણી માટે લાવવામાં આવેલા ત્યારે તેઓએ ઓળખ અંગેના ચિન્હોની નોંધ કરી આરોપીની હિસ્ટ્રી નોંધી શારીરીક તપાસ કરેલ અને તે બાબતનું મેડિકલ સર્ટીફીકેટ આપેલ.

વધુમાં આ ડોકટરે એ હકીકત સ્પષ્ટ કબુલ કરેલ છે કે,

**"એ વાત ખરી છે કે, મે આરોપીની શારીરીક તપાસણી કરેલી તે સમયે તેના ગુપ્ત ભાગે કોઈ ઈજાના નિશાન કે ચિન્હો ન હતા અને અવયવો સામાન્ય હતા."**

આમ, આરોપીના ગુપ્ત ભાગે શારીરીક તપાસણી કરવામાં આવી તે સમયે કોઈ જ નિશાન કે ચિન્હો જોવા મળેલા નહી તે બાબત ગંભીરતાથી ધ્યાને લેવા પાત્ર છે. વધુમાં આ કામે હિસ્ટ્રીના મુદ્દા ઉપર આરોપીઓ તર્ફે વિ.વ.શ્રી દ્વારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમા સાહેદ દ્વારા **"He is explained about the Case"** તે રીતે સર્ટીફીકેટમાં લખેલાનું જણાવવામાં આવેલુ છે તે રીતની વિગત જણાવેલ છે. જેથી આંક–૨૦ વાળુ મેડિકલ સર્ટીફીકેટ ધ્યાને લેવામાં આવે તો તેમા આ વિગત લખેલ છે અને આંક–૨૧ વાળા કેસ પેપર્સમાં શારીરીક તપાસણી માટેનું જે કન્સેન્ટ ફોર્મ છે તે રજુ થયેલુ છે પરંતુ કેસ પેપર્સમાં ઓ.પી.ડી. કેસ નોંધાયા બાદ જે કેસ પેપર્સ છે તેમા ડોકટરશ્રી દ્વારા કયા કયા સેમ્પલો લેવામાં આવેલા છે તેની વિગતો લખેલ નથી. વધુમાં આ કેસ પેપર્સમાં ફોર્મ–૨/બી ભરવામાં આવેલુ છે અને સેમ્પલને શીલ કરવામાં આવેલ છે તે રીતની કોઈ સ્પષ્ટ વિગત લખેલ નથી. જેથી આ મહત્વની બાબત ધ્યાને લેવામાં આવે તો ડોકટરશ્રી કામગીરીમાં કંઈક એવી હકીકત રેકર્ડ ઉપર પ્રસ્થાપિત થાય છે કે જે

ડોકટરની કામગીરીને શંકાના વર્તુળમાં મુકી દે છે.

(૧૫) આ કામે ડો. જાગૃત મહેન્દ્રભાઇ પટેલ નાઓને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૨૫ થી મેડિકલ સર્ટીફીકેટ, આંક–૨૬ થી કેસ પેપર્સ અને આંક–૨૭ થી સેમ્પલ લેવા માટે ભરેલ ફોર્મ તથા આંક–૨૮ થી ટ્રાન્સફર ચીટ તથા આંક–૨૯ થી શારીરીક તપાસણી માટેની યાદી રજુ કરેલ છે. સદરહું ડોકટરની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો આ કેસમાં ભોગબનનારે શારીરીક તપાસણી માટે પ્રથમ વખત લઇ જવામાં આવ્યા ત્યારે સંમતિ આપેલ નહી તેવુ ડોકટરે જણાવેલ છે અને તે બાબતે સરતપાસમાં ડોકટરે એવુ સ્પષ્ટ જણાવેલ છે કે,

> **"<u>ભોગબનનારને સૌ પ્રથમ તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના ૮–૦૨ વાગે મારી સમક્ષ લાવવામાં આવેલા ત્યારે ભોગબનનારે શારીરીક તપાસણી માટે સંમતિ આપેલ નહી. ભોગબનનારે શારીરીક તપાસણી માટે તથા સેમ્પલ લેવા માટે તથા હિસ્ટ્રી માટે તેને પોતાના હસ્તાક્ષરમાં પોતે સંમત નથી તે રીતે લખીને આપેલુ હતુ</u>."**

આમ, તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના કલાક ૮–૦૨ વાગે ભોગબનનારે પોતાની શારીરીક તપાસણી માટે સ્પષ્ટ ઇન્કાર કરેલ છે તેવુ આ ડોકટરે સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્ધારા જે ઉલટતપાસ કરવામાં આવેલ છે તે ઉલટતપાસમાં એવી વિગત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે કે,

> **"એ વાત ખરી છે કે, મને ભોગબનનારની સાથે જે યાદી મળેલી તે ક.૮:૦૨ મીનીટે મળેલી. એ વાત ખરી છે કે, ભોગબનનારને બીજી વખત મારી પાસે લાવવામાં આવ્યા ત્યારે મને કોઇ યાદી મળેલી નથી."**

આમ, પ્રથમ વખત ભોગબનનારને યાદી સાથે ડોકટર પાસે શારીરીક તપાસણી માટે લાવવામાં આવેલા તે સમયે ભોગબનનારે કોઇ હિસ્ટ્રી લખાવેલ નથી અને શારીરીક તપાસણી માટેનો સ્પષ્ટ ઇન્કાર

કરેલ છે. ત્યારબાદ બીજી વખત ભોગબનનારને શારીરીક તપાસણી માટે લઈ જવાના હોય તો સ્વાભાવિક રીતે ત.ક.અ. ની યાદીની જરૂર પડે પરંતુ આ કિસ્સામાં બીજી વખત ભોગબનનારને શારીરીક તપાસણી માટે લઈ જવામાં આવેલા હોય તેવુ બતાવવા માટે કોઈ યાદી આ કેસમાં ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ નથી. જેથી ભોગબનનારની બીજી વખત ખરેખર તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ શારીરીક તપાસણી માટે લઈ જવામાં આવેલા કે બીજા કોઈ દિવસે શારીરીક તપાસણી માટે લઈ જવામાં આવેલા હોય અને તા.૧૬/૧૧/૨૦૨૫ ના રોજ શારીરીક તપાસણી કરવામાં આવેલ છે તે રીતે કાગળો તૈયાર હોય તે બંનેવ બાબતની સંભાવનાનું મહત્વ આ કેસમાં ધ્યાને લેવા પાત્ર છે કારણ કે, આંક-૨૬ વાળા કેસ પેપર્સમાં ડોકટરે એવી નોંધ કરેલ છે કે,

> **"દર્દીએ તેની સભાન અવસ્થામાં પહેલા નિવેદન અને શારીરીક તપાસણી માટે "નેગેટીવ" કન્સન્ટ આપી હતી પરંતુ હવે તેના મમ્મી-પપ્પાના સમજાવવાથી તે માટે સહમત થયેલ છે."**

આમ, ભોગબનનારે પહેલા શારીરીક તપાસણી માટે સ્પષ્ટ ઈન્કાર કરેલ હતો પરંતુ ભોગબનનારને તેના માતા-પિતાએ સમજાવેલ અને ત્યારબાદ ભોગબનનારે સંમતિ આપેલ છે અને જેથી આ ડોકટર સમક્ષની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં આ સંજોગોમાં આવી જાય છે કારણ કે ભોગબનનારે પોતાની જુબાનીમાં ડોકટરને કોઈ વિગત લખાવેલ નથી તેવુ જણાવેલ છે. જેથી આ ડોકટર સમક્ષની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં રહે છે તેવુ મારૂ શુધ્ધબુધ્ધિપૂર્વકનું માનવુ છે.

(૧૬) આ કામે ડો.ભૂમિ જીવાણી નાઓને આંક-૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૩૧ થી મેડિકલ સર્ટીફીકેટ, આંક-૩૨ થી કેસ પેપર્સ તથા એકસરે પ્લેટ નંગ-૦૪ રજુ થયેલ છે તથા આંક-૩૩ થી ફોર્મ-૨/બી, આંક-૩૪ થી ટ્રાન્સફર ચીટ, આંક-૩૫ થી વિજાપુર પોલીસની યાદી અને

આંક–૩૬ થી સર્ટીફીકેટ આપવા માટે પોલીસે કરેલ યાદી રજુ થયેલ છે. સદરહું ડોકટરની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો આ ડોકટરે ગાયનેક તપાસ કરેલ છે અને એવી વિગત કબુલ કરેલ છે કે,

> **"એ વાત ખરી છે કે, મે ગાયનેક ડોકટર તરીકે એમ.એલ.સી.કેસમાં રેપ વિકટીમની આ પ્રથમ કરેલી તપાસ છે. એ વાત ખરી છે કે, હાઈમેન તુટવાના કારણ શારીરીક સંભોગ સિવાય બીજા પણ હોઈ શકે છે. એ વાત ખરી નથી કે, ભોગબનનારની હિસ્ટ્રી મે પોલીસ યાદીના આધારે જાતે લખી લીધેલી."**

આમ, આ બાબતને ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારની ગાયનેક તપાસ આ ડોકટરે કરેલ છે પરંતુ આંક–૩૧ વાળું મેડિકલ સર્ટીફીકેટ બીજા ડોકટર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેમા હાલના ડોકટરે સહિ કરેલ છે તેની સાથે સાથે ભોગબનનારે પોતાની સરતપાસમાં ડોકટરને કોઈ વિગત જણાવેલ નથી તેવુ સ્પષ્ટ જણાવેલ છે. જયારે ભોગબનનારની માતાની જુબાનીમાં ભોગબનનારની માતા તથા પિતાએ ડોકટર સાથે વાત કરેલાની વિગત જણાવેલ છે. જેથી આ ગાયનેક ડોકટર સમક્ષની ભોગબનનારની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં આવી જાય છે.

વધુમાં હાયમેન તુટવાના ઘણા બધા કારણો હોઈ શકે છે. જેથી હાલના આરોપીના કારણે હાયમેન તુટેલુ હોય તેવુ આ કેસમાં શંકારહિત માની શકાય નહી તેમ માનું છું.

(૧૭) આ કામે સાહેદ ડીમ્પલબેન જગદીશભાઇ વૈધ નાઓને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૩૮ થી જનરલ રજીસ્ટરના પાનની ખરી નકલ રજુ થયેલ છે. આંક–૩૯ થી જનરલ રજીસ્ટરના પાનની ખરી નકલ રજુ થયેલ છે અને આંક–૪૦ થી આંક–૪૨ સુધી પી.એસ.આઇ. વિજાપુર નાઓને સંબોધિને લખેલ પત્ર તથા ભોગબનનારના શાળા છોડયાનું

પ્રમાણપત્રની નકલ અને વાલી ફોર્મની નકલ રજુ થયેલ છે. સદરહું સાહેદની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો ભોગબનનારની જન્મ તા.૧૫/૦૧/૨૦૧૦ ની હોવાનું શાળાના રજીસ્ટરમાં લખવામાં આવેલ છે અને વાલીફોર્મમાં ભોગબનનારે શાળામાં કયા આધારે પ્રવેશ મેળવેલો છે તે સંદર્ભે સાહેદે ઉલટતપાસમાં એવુ જણાવેલ છે કે,

> **"એ વાત ખરી છે કે, અમારે ત્યાં ભોગબનનારે ધોરણ–૪ માં પ્રવેશ લીધેલો. એ વાત ખરી છે કે, ભોગબનનારે અમારી શાળામાં ધોરણ–૩ માં પ્રવેશ લીધેલો હતો તેવી વિગત મે જુબાનીમાં જણાવેલી છે. એ વાત ખરી છે કે, આંક–૪૨ વાળા વાલી ફોર્મમાં ભોગબનનારને પ્રવેશ કયા આધારે આપવામાં આવેલો તેની વિગત લખેલી નથી."**

આમ, ભોગબનનારને ધોરણ–૩ માં અભ્યાસ માટે પ્રવેશ આપવામાં આવેલ પરંતુ કયા આધારે પ્રવેશ આપવામાં આવેલો તે રીતની વિગત આ સાહેદ જાણતા નથી. તે સિવાય વિશેષ કોઈ વિગત નોંધવા લાયક નથી.

(૧૮) આ કામે પંચ જીગર રણજીતસિંહ ચૌધરી નાઓને આંક–૪૩ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૪૪ થી આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે તથા આંક–૪૭ થી ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે તથા આંક–૫૨ થી મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે તથા આંક–૫૪ તથા આંક–૫૫ થી ગુના બનાવવાળી જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે. સદરહું પંચની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો સદરહું પંચને પંચમાં રહેવા માટે તેઓના ઉપરી અધિકારી દ્વારા સમજ આપવામાં આવેલ. જેથી તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલા અને ત્યાં આરોપીએ પોતાના કપડા રજુ કરવા માંગતા હોય તે બાબતના પંચનામાની સમજ આપવામાં આવેલ અને ત્યારબાદ તે અંગેનું પંચનામુ કરવામાં આવેલ તેમજ ભોગબનનાર પોતાના કપડા

રજુ કરવા માંગતા હોય તે અંગેના પંચનામાની સમજ આપવામાં આવેલ અને ભોગબનનારે કપડા રજુ કરેલ તે બાબતનું પંચનામુ કરવામાં આવેલ તેમજ મોબાઈલ રજુ કરવામાં આવેલો તે મોબાઈલ કબજે કરવામાં આવેલાનું પંચનામુ કરવામાં આવેલ તે સિવાય ગુના બનાવવાળી જગ્યા ભોગબનનારે બતાવેલ અને તે બાબતનું પંચનામુ કરવામાં આવેલ તે રીતની વિગત જણાવેલ છે. આમ, સદરહું પંચની આ તમામ વિગતોને ધ્યાને લેતાં તેઓની હાજરીમાં પંચનામાઓ કરવામાં આવેલા છે તે રીતની વિગતને વ્યાજબી સમર્થન મળે છે તેમ માનું છું.

(૧૯) આ કામે ત.ક.અ. ચાવડા વનરાજસિંહ રઘુવીરસિંહ નાઓને આંક–૫૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરતા તા.૨૬/૧૧/૨૦૨૫ ના રોજ વિજાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગુનાની તપાસ તેઓને મળતા તપાસના કાગળો સંભાળી લઇ ગુનાની તપાસ કરેલ અને તે દરમ્યાન તેઓએ આરોપી નં.૨ તથા આરોપી નં.૩ નાઓને અટક કરેલ અને ત્યારબાદ લાગતા વળગતા સાહેદના નિવેદનો લીધેલા તેમજ જરૂરી પંચનામાઓ કરેલ અને દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરેલ તે સિવાય વિશેષ કોઇ કામગીરી તેઓએ કરેલ નથી.

(૨૦) આ કામે ત.ક.અ. ચૌધરી કમલેશકુમાર કાવજીભાઇ નાઓને આંક–૮૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ત.ક.અ. ની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મુલ્યાંકન કરવામાં આવે તો તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ વિજાપુર પોલીસ સ્ટેશન ખાતે પી.આઇ. તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન ફરીયાદી સરોજબેન જશવંતસિંહ પરમાર નાઓએ રૂબરૂ આવીને ફરીયાદ વિગત જાહેર કરતા તે ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ હકીકત લખી લઇ

ગુનો દાખલ કરેલ. ત્યારબાદ ભોગબનનારને શોધવા માટે જરૂરી તજવીજ કરેલ અને ભોગબનનાર તથા આરોપી તેઓની તપાસ દરમ્યાન મળી આવતા આરોપી નં.૧ નાઓની અટક કરેલ તથા લાગતા વળગતા સાહેદના નિવેદનો લીધેલા તેમજ જરૂરી પંચનામાઓ કરી કપડા કબજે લીધેલ તે રીતની વિગત જણાવેલ છે તે સિવાય વિશેષ કોઇ વિગત તેઓની જુબાનીમાં રેકર્ડ ઉપર આવતી નથી તેમ માનું છું.

(૨૧) આવા સંજોગોમાં ફરીયાદપક્ષનો તમામ પુરાવો એકી સાથે વંચાણે લેવામાં આવે તો આ કિસ્સામાં ભોગબનનારે હાલના આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા નથી. જેથી આરોપીઓની ઓળખ આ કેસમાં સાબિત થતી નથી. વધુમાં ભોગબનનારે પોતાની જુબાનીમાં પરસ્પર વિરોધાભાષી વિગતો જણાવેલ છે અને તેના કારણે ભોગબનનારની જુબાનીના આધારે હાલના આરોપીઓની ગુનામાં સંડોવણીની બાબત શંકાસ્પદ બને છે. જેથી ભોગબનનાર આ કિસ્સામાં વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોવાનું જણાતા નથી તેવુ અત્રેની અદાલતનું શુધ્ધબુધ્ધિપૂર્વક માનવુ છે. વધુમાં ભોગબનનારની જુબાની તથા તેના માતા–પિતાની જુબાનીની વિગતોને ધ્યાને લેતાં ડોકટર સમક્ષની હિસ્ટ્રી પણ શંકાના વર્તુળમાં આવી જાય છે અને બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબનું નિવેદન પણ શંકાના વર્તુળમાં આવી જાય છે. જેથી તમામ બાબતો ધ્યાને લેતાં ફરીયાદપક્ષના કેસમાં એક કરતા વધારે શંકાઓ ઉપસ્થિત થાય છે અને તે શંકાનું સમાધાન ફરીયાદપક્ષ કરી શકતા નથી. જેથી ફરીયાદપક્ષ રજુ કરેલા પુરાવાના આધારે એ હકીકત સાબિત કરી શકતો નથી કે, બનાવ સમયે અને બનાવના અરસામાં આરોપી નં.૧ નાએ સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીની કસ્ટડીમાંથી, કાયદેસરના વાલીની પરવાનગી વગર પોતાની સાથે લઇ જઇ, ગેરકાયદેસર રીતે અપહરણ કરી રાખી, સગીર ભોગબનનારની સાથે એક કરતા વધારે વખત અલગ અલગ સમયે અલગ અલગ સ્થળે શરીર સંબંધ બાંધી બળાત્કાર કરી અને તેમ

કરવામાં આરોપી નં.૧ ને આરોપી નં.૨ નાએ સીધી, સક્રિય મદદગારી કરી, તમો આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં ગુનો કરેલો છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકરામાં આપુ છું.

**મુદ્દા નં.૨:-**

(૨૨) આ કામે ફરીયાદપક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કેસમાં ભોગબનનારની જુબાનીમાં આરોપીઓની ઓળખ સાબિત થતી નથી તેમજ હાલના આરોપી નં.૧ નાઓ ભોગબનનારને પોતાની સાથે લઈ ગયેલ હોય અને આરોપી નં.૧ નાએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલ હોય તે રીતની વિગતને વ્યાજબી શંકારહિત ઓળખના મુદ્દા ઉપર સમર્થન મળતુ નથી તેમજ ફરીયાદપક્ષના કેસમાં ઘણા બધા મુદ્દાઓ ઉપર એક કરતા વધારે તબકકે શંકા ઉપસ્થિત થાય છે. જેથી ફોજદારી કાર્યરીતીના પ્રથમ પાયાના મુળભૂત સિધ્ધાંતને ધ્યાને લેતાં જયારે ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે શંકાનો લાભ હંમેશા આરોપીને આપવો પડે. આવા સંજોગોમાં હાલના કેસમાં ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થતી હોવાથી શંકાનો લાભ આરોપીઓને આપતા આરોપીઓને આ કામમાં તકસીરવાન ઠરાવી શકાય નહી તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

**-// હુકમ //-**

આથી બી.એન.એસ.એસ.ની ક.૨૫૮(૧) મુજબ આરોપી નં.૧ ઠાકોર વિજય વિનોદભાઈ દેવજીભાઈ, આરોપી નં.૨ ઠાકોર વિનોદજી દેવુજી વિહાજી તથા આરોપી નં.૩ જયોત્સનાબેન વિનોદજી દેવુજી ઠાકોર નાઓને તેઓની સામેના બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૫૪, ૨૩૮ તથા પોકસો એકટની ક.૪(૨), ૫(એલ), ૬, ૮, ૧૨ તથા ૧૭ મુજબના ગુન્હાના તહોમતમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ બી.એન.એસ.એસ.ની ક.૪૮૧ મુજબ જેલ મુકત થયા બાદ દિન–૦૭ માં રૂા.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા, ૬ માસની મુદત માટેના અત્રેની અદાલતમાં આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

આ કામે અપીલ સમય વિત્યે મુદ્દામાલ મોબાઇલ તેમાની વિગતો ડીલીટ/ફોરમેટ કરી મુદ્દામાલ મોબાઇલ પંચનામાની વિગત મુજબ તેના માલિકને પરત કરવો. તે સિવાય બાકીના મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો તેવો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય તાત્કાલિક જેલ મુકત કરવા યાદી કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૩/૦૪/૨૦૨૬
સ્થળઃ મહેસાણા

(એમ.એફ. ખત્રી)
બીજા એડીશ્નલ સેશન્સ જજ તથા
સ્પે. જજ (પોકસો)
મહેસાણા
જીજે૦૦૬૯૧